# ડિઝલ, એલપીજી અને કેરોસીનની કિંમત હાલમાં યથાવત

નવી દિલ્હી,તા. ૨૮

પેટ્રોલની કિંમતમાં તાજેતરમાં જ કરવામા આવેલા લિટરદીઠ રૂપિયા ૭.૫૦ના કમરતોડ વધારા બાદ લોકો વધુ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ત્યારે પેટ્રોલિયમ પ્રધાન એસ જયપાલ રેડ્ડીએ આજે લોકોને આંશિક રાહત મળે તેવી જાહેરાત કરતા જણાવ્યુ હતુ કે સરકાર ડિઝલ, એલપીજી અને કેરોસીનની કિંમતમાં વધારો કરવા હાલમાં વિચારણા કરી રહી નથી. તેમણે કહ્યુ હતુ કે ડિઝલ અને એલપીજીની કિંમત મામલે ઈજીઓએમ મામલે કોઈ તારીખ નક્કી કરવામાં આવી નથી. જયપાલ રેડ્ડીએ નાણામંત્રી પ્રણવ મુખર્જી દ્વારા બોલાવાવમા આવેલી મીટિંગ બાદ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે હાલના સમયમાં ભાવ વધારો ઝીંકવા માટે કોઈ વિચારણા ચાલી રહી નથી. ડિઝલ, એલપીજી અને કેરોસનની કિંમત હાલમા યથાવત છે. ભાવ વધારો કરવા માટે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. ફુગાવા ઉપર પેટ્રોલની કિંમતમા કરવામા આવેલા વધારાને કોઈ માઠી અસર થઈ છે કે કેમ તે અંગે ચર્ચા કરવા આજે મહત્વપૂર્ણ બેઠક પ્રણવ મુખર્જી દ્વારા બોલવાવમા આવી હતી. આ બેઠક બાદ રેડ્ડીએ કહ્યુ હતુ કે તેઓ હાલમાં એલપીજી, કેરોસીન અને ડિઝલની કિંમતને સ્પર્શ કરવા જઈ રહ્યા નથી. મુખ્ય આર્થિક સલાહકાર કોશિક બસુએ પણ આ મીટિંગમાં હાજરી આપી હતી. આંતર પ્રધાન સ્તરના ગ્રુપની આ મીટિંગમાં અન્ય ઘણા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાન પેનલની મીટિંગ બોલવાવા કોઈ તારીખ નક્કી કરવામા આવી નથી. ડિઝલ, એલપીજી અને કેરોસીનના રેટમાં ફેરફાર અંગે હાલ કોઈ ગણતરી થઈ



રહી નથી. પ્રણવ મુખર્જીના નેતૃત્વમાં ફ્યુઅલ કિંમતો અંગે એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મિનિસ્ટર (ઈજીઓએમ)ની મીટિંગ ગયા વર્ષ જૂન બાદથી મળી નથી. રૂપિયામાં ઘટાડો થઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય કિંમતોમા પણ ઘટાડો થઈ રહ્યો છે. આયાતમાં ખર્ચમા વધારો થઈ રહ્યો છે. તમામ નકારાતમક સંજોગો હોવા છતા ઈજીઓએમની મીટિંગ યોજાઈ નથી. રેડ્ડીએ ઉમેર્યુ હતુ કે ફુગાવાની અસર પર ચર્ચા કરવા પ્રધાન સ્તરની મીટિંગ યોજાઈ હતી. જૂન ૨૦૧૦માં ઈજીઓએમની મીટિંગ યોજાઈ હતી જેમા ડિઝલની કિંમતોને અંકુશ મુક્ત કરવા માટે સૈદ્ધાંતિક નિર્ણય કરવામા આવ્યો હતો. પરંતુ આના અમલીકરણને મોકૂફ રાખાવમા આવ્યુ હતુ. એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ઈજીઓએમની મીટિંગ ટુકમાં યોજાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ભાવ વધારા સામે ટીએમસી અને ડીએમકે દ્વારા વિરોધ કરવામા આવી રહ્યો છે. પેટ્રોલની કિંમતમાં ભાવ વધારા સામે આ બંને પક્ષો દેખાવ કરી ચુક્યા છે. જયપાલ રેડ્ડીએ કહ્ હતુ કે તેઓ ઈજીઓએમની મીટિંગ ટુકમાં બોલવાવ પ્રણવ મુખર્જીને અપીલ કરશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ડિઝલની બેવડી કિંમત અંગે વિચારણા કરાઈ રહી નથી. ડ્યુઅલ કિંમત એટલે ટ્રક માટે સબિસીડાઈઝ કિમત અને લક્ઝરી કારમાટે અન્ય રેટનો સમાવેશ થાય છે. જયપાલ રેડ્ડી ડિઝલ કાર પર ૮૦૦૦૦ની એક વખતની ડ્યુટી લાદવા પર વિચારી રહ્યા છે. સરકારી ઓઈલ કંપનીઓને ડિઝલ, એલપીજી અને કેરોસીનના વેચાણ પર દરરોજ ૫૧૨ કરોડનુ નુકસાન થઈ રહ્યો છે. ડિઝલ હાલમાં લિટરદીઠ ૧૫.૩૫ના નુકસાનથી વેચવામા આવે છે જ્યારે કેરોસીન ૩૨.૯૮ રૂપિયના નુકસાનથી વેચવામા આવે છે. ઓઈલ કંપનીઓને ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડર પર ૪૭૯ કરોડનુ નુકસાન થઈ રહ્યુ છે. આઈઓસી, એચપીસીએલ, બીપીસીએલને વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં મહેસૂલ રૂપે ૧૩૮૫૪૧ કરોડનુ નુકસાન થઈ રહ્યુ છે. આ વર્ષે આ નુકસાન ૧૯૩૮૮૦ કરોડ રહેવાનો અંદાજ છે.

## જેટ એરવેઝના વિમાનમાં આગ

મુંબઈ, તા. ૨૮

જેટ એરવેઝના વિમાનમાં આજે સવારે એકાએક આગ ફાટી નીકળી હતી. જો કે તેમા રહેલા તમામ ૧૫૮ યાત્રીઓનો સહેજમાં બચાવ થઈ ગયો હતો. એરપોર્ટના સુત્રોએ કહ્યું છે કે જેટ એરવેઝની રીયાદ-મુંબઈ ફલાઈટમાં સવારે



આગ ફાટી નીકળી હતી. આગ એવખતેફાટી નીકળી જ્યારે વિમાન સવારે ૫.૪૦ વાગે એરપોર્ટ ઉપર ઉતર્યું હતું. એન્જિનની ડાબી બાજુએ આગ લાગી હતી. આગ અંગે જાણ થયા બાદ પાયલોટે તરત એન્જિનને બંદ કરી સ્થિતીને સંભાળી લીધી હતી. આગ ઉપર તરત જ કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. તમામ યાત્રીઓને વિમાનમાંથી સુરક્ષિત રીતે નીચે ઉતારી લેવામાં આવ્યા હતા. જેટ એરવેઝે માહિતી આપતાં કહ્યુંછે કે ૯ડબલ્યુ ૫૨૩ રીયાદ-મુંબઈ ફ્લાઈટના એન્જિનમાં ધુમાડો દેખાયા બાદ તરત જ પાયલોટો સાવધાની રાખી હતી. એટીએસ દ્વારા તરત જ વિમાનને બેઝ ઉપર પરત કરવાની સલાહ આપી હતી. ક્રુ મેમ્બરોએ પણ ધુમાડો નિહાળ્યો હતો. બનાવ બન્યા બાદ એન્જિનને તરત બંદ કરી યાત્રીઓને નીચે ઉતારવાની કામગીરી હાથ ધરાઈ હતી. જેના કારણે દસ મીનીટ સુધી કામગીરી ખોરવાઈ ગઈ હતી.

## લઘુમતીઓ માટે પેટા ક્વોટાની રચનાની હિલચાલને ફગાવાઈ

નવી દિલ્હી,તા. ૨૮

એક મહત્વપૂર્ણ ઘટના ક્રમમાં આંધ્ર પ્રદેશ હાઈ કોર્ટે ધાર્મિક આધાર પર લઘુમતીઓ માટે પેટા ક્વોટાની રચના કરવા માટેની કેન્દ્ર સરકારની હિલચાલને ફગાવી દીધી હતી. ચીફ જસ્ટિસ મદન બી લાકુર અને જસ્ટિસ પીવી સંજયકુમારની બનેલીહાઈકોર્ટની ડિવિઝન બેંચે કહ્યુ છે કે ધાર્મિક આધાર પર લઘુમતીઓને અનામત આપવામાં કોઈ તર્ક નથી. કેન્દ્ર સરકારની આ હિલચાલ બિલકુલ વાજબી દેખાઈ રહી નથી. ડિવિઝન બેંચે હાલમાં જ દાખલ કરવામ આવેલી એક જાહેર હિતની અરજીનો જવાબ આપીતેવેળા આ આદેશ આપ્યો હતો. મુસ્લિમો સહિત નોટીફાઈડ થયેલા લઘુમતી સંગઠનો માટે ૪.૫ ટકાના પેટા ક્વોટાની રચના કરવાની બાબતને પડકાર ફેંકીને દાખલ કરવામા આવેલી જાહેર હિતની અરજી પર ડિવિઝન બેંચે આ આદેશ આપ્યો હતો. અન્ય પછાત વર્ગ અથવા તો ઓબીસી માટે નક્કી કરવામા આવેલા ૨૭ ટકા અનામતમાંથી ૪.૫ ટકાના પેટા ક્વોટની રચના કરવા માટે સામે વિરોધ કરવામા આવ્યો હતો. બેંચે ગયા મહિનામાં તમામ સંબંધિતોની દલીલો સાંભળ્યા બાદ તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. પછાત સમુદાયના નેતા આરકૃષ્ણયા અને અન્યો દ્વારા હાઈકોર્ટમાં અલગ અલગ અરજીઓ દાખલ કરી હતી. જેમાં પેટા ક્વોટાની રચના કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પડકાર ફેંકવામા આવ્યો હતો. કેન્દ્ર સરકારે અગાઉ તેના આ નિર્ણયનો બચાવ કરી દલીલ કરી હતી કે લઘુમતીઓનેઅનામત આપવાની બાબત તેમના સૌથી પછાતપણા પર આધારિત છે. પરંતુ ધર્મના આધાર પર નથી. સંબંધિત સમુદાયની અંદર લાભને એક સમાન રીતે વહેંચી કાઢવાના હેતુસર આ ગણતરી કરવામા આવી હતી. જો કે આંધ્રપ્રદેશ હાઈકોર્ટે કેન્દ્ર સરકારની આ દલીલને ધ્યાનમા લીધી ન હતી. અને લઘુમતી પેટા ક્વોટાની હિલચાલને ફગાવી દીધી હતી. આનાથી કેન્દ્ર સરકારને મોટો ફટકો પડ્યો છે. કેન્દ્ર સરકારે ઘણા સમયથી વોટ બેંકના હેતુસર લઘુમતીઓને પેટા ક્વોટા આપવાની ગણતરી કરી છે. જેની સામે વારંવાર વાંધો ઉઠાવવામા આવ્યો છે.

## કામથ આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર બની શકે

નવી દિલ્હી, તા. ૨૮

પંજાબ નેશનલ બેંકમાં હાલ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે કામ કરી રહેલા કેઆર કામથ રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર બને તેવી શક્યતા દેખાઈ રહી છે. મુંબઈની મિંટ રોડ ખાતે તેમને બોલાવી લેવાની હિલચાલ શરૂ થઈ ચુકી છે. મળેલી માહિતી મુજબ કામથને રિઝર્વ બેંકના ડેપ્યુટી બનાવવાની હિલચાલ ચાલી રહી છે. રિઝર્વ બેંકમાં ડીજીની જગાયઓ હમેશા એક એવી વ્યક્તિથી ભરવામાં



આવે છે જે કોમર્શિયલ ક્ષેત્રમાં સામેલ હોય છે. સામાન્ય રીતે પીએસયુ બેંકના વડાની નિમણૂંક આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર તરીકે કરવામાં આવે છે. રસપ્રદ બાબત એ છે કે જુન ૨૦૦૯માં ડીજી તરીકે આરબીઆઈમાં સામેલ થતા પહેલા કેસી ચક્રવર્તીએ પણ દિલ્હી સ્થિત પીએનબીમાં સીએમડી તરીકેની જવાબદારી સંભાળી હતી. ચક્રવર્તી એશિયન ડેવલોપમેન્ટ બેંકમાં કારોબારી ડિરેક્ટર તરીકે મનીલા જાય તેમ માનવામાં આવે છે. જો ચક્રવર્તી મનિલા જશે તો કેઆર કામથની ડીજી તરીકે નિમણૂંક કરવામાં આવશે. કામથના નામ ઉપર વિચારણા શરૂ થઈ ચુકી છે.

## મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર દુર્ઘટનામાં ૨૭ના મોત

મુંબઈ,તા. ૨૮

મુંબઈ-પુણે એક્સપ્રેસ હાઈવે ઉપર ખાલાપુર ખાતે એક ટેમ્પો સ્ટેશનરી બસ સાથે ટકરાઈ જતા ઓછામાં ઓછા ૨૭ લોકોના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. જ્યારે ૨૭ લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા લોકો પૈકી અનેકની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. મોતનો આંકડો વધે તેવી દહેશત પ્રવર્તિ રહી છે. ભોગ બનેલા લોકોમાં ચાર માસુમ બાળકોનો અને ૧૧ મહિલાઓનો સમાવેશ થાય છે. પણ સમાવેશ થાય છે. ભોગ બનેલા લોકો જાનૈયા હોવાનુ જાણવા મળ્યું છે. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ મૃતકોની ઓળખ હજુ સુધી કરવામાં આવી નથી. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાક લોકોને મુંબઈ નજીક પાનવેલ ખાતેની એમજીએમ



હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય કેટલાક લોકોને પુણેમાં આવેલી સસુન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ટેમ્પો અને બસ વચ્ચે ટક્કરના સમાચાર મળતાની સાથે જ તરત જ બચાવ અને રાહતકામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે મોડેથી એકસ્માત સર્જાયા હોવાથી બચાવ ટુકડીને પહોંચવામાં વિલંબ થયો હતો. ઈજાગ્રસ્તોની ઓળખ પણ હજુ સુધી કરવામાં આવી નથી. મુંબઈ-પુણે એક્સપ્રેસ હાઈવે પર થયેલા અકસ્માતના મામલામાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. અકસ્માતનું કારણ જાણી શકાયું નથી. મુંબઈ-પુણે એક્સપ્રેસ હાઈવે પર તાજેતરના દિવસોમાં સર્જાયેલા અકસ્માતો પૈકી સૌથી મોટો અકસ્માત તરીકે આને જોવામાં આવે છે. ભોગ બનેલા લોકો ક્યાના હતા તે અંગે પણ હજુ જાણવા મળ્યું નથી. બસમાં ઉત્તર પૂર્વીય મુંબઈમા ઘાટકોપર ખાતેની જાનૈયાઓની ટુકડી હતી જે પુણે પરત ફરી રહી હતી.

## જગનમોહન રેડ્ડી ૧૧મી જૂન સુધી કસ્ટડીમાં

હૈદરાબાદ,તા. ૨૮

વાયએસઆર કોંગ્રેસના નેતા જગનમોહન રેડ્ડીને આજે સીબીઆઈ કોર્ટે ૧૧મી જૂન સુધી જ્યુડીશિયલ કસ્ટડીમાં મોકલી દેતા હૈદરાબાદમાં તંગદીલી ફેલાઈ ગઈ છે. અપ્રમાણ સંપત્તિ કેસના સંબંધમાં હૈદરાબાદમાં સીબીઆઈ કોર્ટે જગનમોહન રેડ્ડીને ૧૧મી જૂન સુધી ૧૪ દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલીદેવાનો આદેશ કર્યો હતો. આનો મતલબ એ થયો કે જગનમોહન રેડ્ડી ૧૨મી જૂનના દિવસે યોજાનારી મહત્વપૂર્ણ પેટા ચૂંટણીમાટે ચૂટણી પ્રચાર કરી શકશે નહી. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સીબીઆઈએ વાયએસઆર કોંગ્રેના



પ્રમુખ અને કડપ્પાના સાંસદ જગનમોહન રેડ્ડીને આજે સવારમાં નમપાલ્લી કોટેમાં રજૂ કર્યા હતા. તેમના પર જાહેર સંપત્તિ લુટવાનો આરોપ મુકવામા આવ્યો છે. સીબીઆઈએ ૧૪ દિવસ માટે તેમની કસ્ટડીની માંગ કરી હતી. સંપત્તિ કેસમાં જગનમોહન આરોપી નંબર ૧ છે. તેમની ત્રણ દિવસ સુધી પૂછપરછ કરવામા આવ્યા બાદ સીબીઆઈ દ્વારા રવિવારે સાંજે ધરપકડ કરી લેવામા આવી હતી. વરિષ્ઠ સીબીઆઈ વકીલ, અશોક ભાને આક્ષેપ કર્ય હતો કે જગનમોહન રેડ્ડીએ જંગી રકમ વિદેશમાં મોકલાઈ દીધી હતી અને હવાલા રેકેટ મારફતે તેમના બિઝનેસમાં આ રકમ ફરી રોકી હતી. જગન મોહને ત્રણ દિવસના પૂછપરછના ગાળા દરમિયાન ક્યારે પણ તપાસમાં સહકાર કર્યો ન હતો. જગનમોહન આખરે સીબીઆઈના સંકજામા આવી ગયા છે. જગનમોહને જાહેર સંપત્તિની લુટ ચલાવી છે. ૧૨૩૪ કરોડ રૂપિયાની રકમનો રોકાણ તેમની કંપનીમાં કરવામા આવ્યુ છે. જગનમોહન સહિત ૭૪ આરોપીઓ દ્વારા વ્હાઈટ કોલર ગુના કરવામા આવ્યા છે. ૨૪ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામા આવી ચુકી છે.

## આઈટીઆરથી બે આકાશ મિસાઈલનું પરીક્ષણ કરાયું

બાલેશ્વર,તા. ૨૮


છેલ્લા પાંચ દિવસમાં ત્રીજી વખત ભારતે ચાંદીપુરના ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ (આઈટીઆર)થી આજે દેશમાં વિકસીત ભુમિથી હવામાં પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી બે આકાશ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં સંરક્ષણ નિષ્ણાંતો ઉપસ્થીત રહ્યા હતા. ૨૪ અને ૨૬મી મેના દિવસે પરીક્ષણ કરવામાં આવ્યા બાદ આજે ફરી પરીક્ષણ કરાયા હતા. પરીક્ષણ સંપૂર્ણ સફળ રહ્યા હતા. સંરક્ષણ સુત્રોએ કહ્યું છે કે બન્ને આકાશ મિસાઈલોએ રોડ મોબાઈલ લોન્ચરથી એક પછી એક ઉડાણ ભર્યું હતું. આઈટીઆરના લોન્ચ પેડ-૩થી સવારે ૧૧.૦૨ મિનિટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ટ્રાયલ દરમિયાન મિસાઈલોને તરતી વસ્તુને ઉડાવી દેવાની સુચના અપાઈ હતી.

ડીઆરડીઓના અધિકારીઓએ કહ્યુંછે કે વિકાસ સાથે સંબંધિત પરીક્ષણ પુર્ણ થયા બાદ આને સેનામાં શામીલ કરવાની કવાયત ઝડપથી આગળ વધારવામાં આવશે. અગાઉ ૨૪ અને ૨૬મી મેના દિવસે મિસાઈલનુ પરીક્ષણ કરવામા આવ્યુ હતુ. સ્વદેશમાં નિર્મીત આ મિસાઈલમાં તમામ અતિઆધુનિક ટેકનોલોજી છે. ડિફેન્સ રિસર્ચ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈજેશન ડીઆરડીઓના અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે દેશની રૂટિન એર ડિફેન્સ કવાયતના ભાગરૂપે આજે બે આકાશ મિસાઈલનુ સફળ પરીક્ષણ કરવામા આવ્યુ છે. તમામ પાસાઓની ચકાસણી કર્યા બાદ આ મિસાઈલનુ પરીક્ષણ કરવામા આવ્યુ હતુ. પરીક્ષણ સફળ રહ્યા બાદ સંબંધિત અધિકારીઓમાં ભારે ખુશી દેખાઈ રહી હતી. આકાશ મિસાઈલની રેંજ ૨૫ કિલોમીટરની છે. અને તે ૬૦ કિલોગ્રામ વોરહેડ લઈને ત્રાટકવા સક્ષમ છે. આ મિસાઈલ ખૂબ જ કુશળ રીતે દુશ્મનોના વિમાનોને તોડી પાડવામાં સક્ષમ છે.

## સુનિલ નારાયણ આઈપીએલ-૫માં સર્વશ્રેષ્ઠ ખેલાડી જાહેર

ચૈન્નઈ,તા. ૨૮

કોલકાતા નાઈટ રાઈડર્સના ઓફ સ્પીનર સુનિલ નારાયણની આઈપીએલ-૫ના સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે પસંદગી કરવામાં આવી છે. વેસ્ટઈન્ડિઝના આ બોલરે ટુર્નામેન્ટમાં ૨૪ વિકેટ લેવામાં સફળતા મેળવી હતી. તેની શાનદાર બોલિંગના લીધે જ કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમ આઈપીએલ ચેમ્પિયન બનવામાં સફળ રહ્યું છે. ગોલ્ડન પ્લેયર એવોર્ડ માટે નારાયણને ૧૦ લાખનું ઈનામ આપવામાં આવ્યું હતું. નારાયણે કહ્યું હતું કે તે અહી આવ્યા બાદ સારો દેખાવ કરીને ખૂબ જ ખુશ છે. નારાયણે આશા વ્યક્ત કરી હતી કે ઈંગ્લેન્ડ સામેની શ્રેણી માટે તેની પસંદગી કરવામાં આવશે. ઈંગ્લેન્ડમાં જઈને પોતાની ટીમ વિન્ડિઝ તરફથી સર્વશ્રેષ્ઠ દેખાવ કરવાની નારયણે ઈચ્છા વ્યક્ત કરી હતી. વેસ્ટ ઈન્ડિઝની ટીમ હાલમાં ઈંગ્લેન્ડમાં ટેસ્ટ શ્રેણી રમી રહી છે. ત્યારબાદ વનડે શ્રેણી રમાનાર છે. કિંગ્સ ઈલેવન પંજાપના મનદીપસિંહને ઉભરતા સ્ટાર ખેલાડીનો એવોર્ડ અપાયો હતો. મનદીપે કહ્યું હતું કે તેને ખૂબ જ ખુશી થઈ રહી છે. જો તેની ટીમ જીતી હોત તો વધારે ખુશી થઈ હોત. સ્થાનિક ક્રિકેટમાં સતત સારો દેખાવ કરવાનો દાવો મનદીપે કર્યો હતો. મનદીપે ભારત તરફથી રમવા હોવાનું સ્વપ્ન હોવાની વાત કરી હતી. પંજાબના ડેવિડ હસીએ સૌથી સર્વશ્રેષ્ઠ કેચ માટેનો એવોર્ડ



મળ્યો હતો. જ્યારે વેસ્ટ ઈન્ડિઝના અને રોયલ ચેલેન્જર બેંગ્લોર તરફથી રેમેલા ક્રિસ ગેલે સતત બીજા વર્ષે ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ૭૩૩ રન બનાવવા માટે ઓરેન્જ કેપ અને ૧૦ લાખ રૂપિયાનો ઈનામ અપાયો હતો. જ્યારે દિલ્હી ડેર ડેવિલ્સને મોરની મોર્કેલને સૌથી વધુ ૨૫ વિકેટ લેવા બદલ પર્પલ કેપ અને ૧૦ લાખનું ઈનામ મળ્યુ હતું. રાજસ્થાન રોયલના કેપ્ટન રાહુલ દ્રવિડે રાજસ્થાન રોયલ્સને મળેલા ફેર પ્લેનો એવોર્ડ સ્વીકાર કર્યો હતો.

**કોને કયો એવોર્ડ......**

સુનિલ નારાયણ : સર્વશ્રેષ્ઠ ખેલાડી (૧૦ લાખ રૂપિયા)
મનદીપસિંહ : ઉભરતા સ્ટાર ખેલાડી
દેવીડ હસી : સર્વશ્રેષ્ઠ કેચ
ક્રિસ ગેલ : ઓરેન્જ કેપ (૧૦ લાખ રૂપિયા)
મોર્ને મોરકેલ : પર્પલ કેપ (૧૦ લાખ રૂપિયા)
રાજસ્થાન રોયલ્સ : ફેર પ્લેટ એવોર્ડ

## ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા...

(પાના નં. ૪ નું ચાલુ)

આજે તો માણસ ઘણો આગળ વધી ગયો છે. જનરેટરનાં સ્વરૂપમાં બજારમાંથી પ્રકાશ - વિજળી ખરીદીને ઘેર લઈ આવે છે!

ભૌતિક પ્રકાશ તો માણસે મેળવી લીધો... પણ જીવનનો સાચો પ્રકાશ એ નથી મેળવી શકતો. કેટલાય લોકોને હજુ જીવનનો દીપક પ્રગટાવતાં નથી આવડતું! એ બધા હજુ અંધકાર સાથે લડી રહ્યા છે... અને એમ કરવામાં ને કરવામાં એવી તક ગુમાવી બેસે છે જે અલૌકિક પ્રકાશ પાથરવાની હોય છે.

પ્રભુને મેળવવાની આકાંક્ષા સેવો તો પાપ એની મેળે દૂર થઈ જાય છે... પણ જેઓ પાપો સાથે જ લડતા રહે છે તેઓ એમાંજ વધુ ને વધુ ફસાતા જાય છે. જીવનને સકારાત્મક આરોહણના માર્ગે લઈ જાવ. નિષેધાત્મક પલાયન ઠીક નથી. સફળતાની આ અનોખી ચાવી છે.

દુર્યોધનને જગતમાં કોઈ સારું દેખાતું નથી અને યુધિષ્ઠિરને જગતમાં કોઈ ખરાબ દેખાતું નથી. જગતમાં કોઈ સારું દેખાતું નથી. જગત એનું એ જ છે. દૃષ્ટિમાં જ ભેદ છે. કોઈને જગત અંધકારમય ભાસે છે તો કોઈને ચારે બાજુ પ્રકાશ જ પ્રકાશ દેખાય છે! પ્રકાશને અંધકાર શું છે તેની ખબર નથી. પ્રકાશ તો ફક્ત પ્રકાશને જ ઓળખે છે. જેમનાં હૃદય પ્રકાશ અને પવિત્રતાથી ભરાઈ જાય છે એમને પછી કોઈ હૃદય અંધકારમય કે અપવિત્ર દેખાતું નથી. જયારે હૃદય દિવ્ય પ્રકાશની અનુભૂતિ કરે છે ત્યારે સમગ્ર સૃષ્ટિ દિવ્ય ભાસે છ.

કદાચ આવો જ સંકેત હશે દિવાળીના પર્વનો! વર્ષનો છેલ્લે દિવસ. આમ તો અમાવાસ્યાનો દિવસ. અંધારાનો દિવસ. પણ માણસો એને પ્રકાશનું પર્વ બનાવી દીધો. નાનામાં નાના ઘરમાં ત્યારે દીવો સળગતો હશે. ઝૂંપડી હોય કે મહેલ... દીવડા જાણે કે અંધારા સામે યુધ્ધે ચડ્યા હોય તેમ... ચોતરફ અજવાળું જ અજવાળું! માણસ સમર્થ છે. ધારે તો અંધારી રાતને અજવાળી શકે છે.

અંધારું અને અજવાળું સાપેક્ષ છે. અંધારું છે માટે અજવાળું છે. અજવાળાનો અનુભવ કર્યો છે માટે અંધારાની ખબર પડે છે.

જે હોય તે... માણસ અજવાળું કરીને જ અંધારાને દૂર કરી શકે છે એ વાત નક્કી. ભૌતિક અજવાળઆની જેમ આત્મિક અજવાળું એ પાથરે એ પણ ખૂબ આવશ્યક. એ માટે પ્રકાશના આ પર્વને - દિવાળીને નિમિત્ત બનાવી કંઈક વિચારી શકાય?

સંકલ્પ કરીએ... વિકલ્પો અકળાવશે નહીં.

નિશ્ચય કરીએ... દ્વિધાઓ ભટકાવશે નહીં.

સારું વિચારીએ... ખરાબ વિચારોના ભયાનક ઓળાઓ ડરાવશે નહીં.

સારું વાંચીએ... વિકાર જન્માવનારા કાળા ભૂત જેવા અક્ષરોનો નાશ થશે.

રોજ એકાદું સારું કામ કરીએ... મનની વ્યથા નાશ પામશે. સમાજને સ્નેહ કરીએ... આપણા સ્વાર્થનો અંધકાર દૂર થશે. 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા...' એવી પ્રભુને પ્રાર્થના કરવાની પણ પ્રાર્થના કરીને બેસી નહીં રહેવાનું... નહીંતર તેજ પ્રાપ્ત નહીં થાય.

પ્રભુ માનવના પુરૂષાર્થની કસોટી કરે જ છે... આ રહસ્ય આજે જાણીને દિવાળીના પર્વના એક તેજકિરણથી સમગ્ર જીવનને અજવાળવાનો સંકલ્પ જ આપણને દિવ્ય તેજપુંજ તરફ દોરી જશે.

## મોંઘેરા મોતી

(પાના નં. ૪ નું ચાલુ)

ત્રણ વર્ષ પહેલાં જામ ટાવર રોડ પર નિર્માણ થયેલી કલેક્ટર - કચેરી, પહેલાં બેકર્સ ગ્રાઉન્ડ તરીકે ઓળખાતી. ૧૯૯૫ ના મે માસમાં મિત્રોની મદદથી દીવાલ વગરનાં આ ખુલ્લા વિશાળ મેદાનમાં આશરે ૩૫ વૃક્ષો રોપ્યા. પાંચ વર્ષ સતત પાણી પાઇને આ વૃક્ષો ઉછેર્યાં, એવો ભ્રમ છે. બાકી સૂર્ય-પ્રકાશ, જમીન, પાણી અને હવા વગર આ શક્ય નથી અને એને પેદા કરવામાં મારું કઇ યોગદાન નથી. થોડા વર્ષે એ મદમાં રાચ્યો કે મેં ૪૦-૫૦ વૃક્ષો ઉછેર્યાં. પરંતુ પછી થોડુંક ભાન થયું કે આટલા - બધા વર્ષોમાં માત્ર ૪૦-૫૦ વૃક્ષો જ ઉછેર્યાં?

૨૦૦૦ ની સાલમાં કાલાવડ રોડ પર સોસાયટીમાં રહેવા જવાનું થયું. આજુબાજુના રહીશોને વૃક્ષ-ઉછેરમાં સરળતા રહે તે માટે ત્યાંથી જમીન ખોદવા કોશ, રોપા તથા લાકડાનાં પાંજરાની સુવિધા આપવી ચાલુ કરી. (અલબત્ત પાંજરાની પડતર કિંમત લેતો.) આશરે ચાર-પાંચ પછી પડોશની સોસાયટીમાં આશરે ૫૦-૬૦ વૃક્ષો લહેરાતા જોઇ શકાય છે.

જાજું કંઇ કહેવું નથી. કારણ કે ,જાજું કંઇ કર્યું નથી. આ વૃક્ષપ્રેમીનું નામ છે : નારણભાઇ કરશનભાઇ આહીર અને મોબાઇલ નંબર છે ૯૮૨૫૦ ૫૯૦૩૯.

## વડાપ્રધાન સિંહને શીખંડી કહેવામાં આવતા હોબાળો

મુંબઈ,તા. ૨૮

ટીમ અણ્ણાએ ફરી એક વાર વડાપ્રધાનને ટાર્ગેટ બનાવ્યા છે. ટીમ અણ્ણાના ચાવીરૂપ સભ્ય પ્રશાંત ભૂષણે વડાપ્રધાને શીખંડી તરીકે ગણવાતા ભારે હોબાળો થઈ ગયો છે. પ્રશાંત ભૂષણે મહાભારતના પાત્ર શીખંડીનો દાખલો આપતા કહ્યુ છે કે કોંગ્રેસ પાર્ટી વડાપ્રધાનનો ઉપયોગ શીખંડી તરીકે કરી રહી છે. તેમણે ઉમેર્યુ હતુ કે વડાપ્રધાનની આસપાસ રહેનાર લોકો અને તેમની નીચે કામ કરનાર પ્રધાનો તેમને આગળ મૂકીને ભ્રષ્ચારા છુપાવી લે છે. પ્રશાંત ભૂષણનુ આ નિવેદન અણ્ણા હજારને નિવેદનથી બિલકુલ જુદુ છે. અણ્ણા હજારે ગઈકાલે મહારાષ્ટ્રમાં નિવેદન કરતા મનમોહનસિંહને સ્વચ્છ પ્રતિષ્ઠાવાળા ગણાવ્યા હતા. પ્રશાંત ભૂષણના આ નિવેદન બાદ કોંગ્રેસ કોઈ પ્રતિક્રિયા આપી નથી. પરંતુ આરજેડીના નેતા લાલુયાદવ નારાજ દેખાઈ રહ્યા છે. પ્રશાંત ભૂષણે કહ્યુ છે કે કોંગ્રેસ વડાપ્રધાનનો ઉપયોગ શીખંડી તરીકે ગણે છે. પાર્ટીનુ કહેવુ છે કે વડાપ્રધાનની પ્રતિષ્ઠા સ્વચ્છ છે જેથી કેબિનેટની પ્રતિષ્ઠા પણ સ્વચ્છ છે. લાલુ યાદવે નારજ થઈને કહ્યુ છે કે પ્રશાંત ભૂષણ બિનજરૂરી નિવેદન કરી રહ્યા છે. થોડાક દિવસ પહેલા જ લાલુ યાદવે પ્રશાંત ભૂષણને માર મારવાની બાબતને યોગ્ય ગણાવી હતી. લાલુએ કહ્યુ હતુ કે પ્રશાંત ભૂષણ આધાર વગરના નિવેદન કરવામા સૌથી આગળ છે. જેથી તેમનો માર મારવામા આવે છે. લાલુએ કહ્યુ હતુ કે વડાપ્રધાન દેશના નેતા છે. તેમની ઈમાનદારી સામે કોઈપણ વ્યક્તિ પ્રશ્ન કરી શકે નહી.